# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજોમાળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

:-suratdeo@gmail.com :-૦૨૬૧-૨૬૬૨૯૦૨

web :-www.suratdeo.org


જા.નં/મા-૨/૨૦૨૬/ ~~7906~~ 7906 તા. ૧૧/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

સુરત.

**વિષય :** ૧૨મી જુન ના રોજ "વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ" નિમિત્તે જુન માસમાં સુરત જિલ્લામાં બાળ મજુરી નિવારણ માટે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન બાબત.

**સંદર્ભ :** નાયબ શ્રમ આયુક્તની કચેરી,એ/૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ નાં પત્ર ક્રમાંક: ના.શ્ર.આ./સુ/૭૧૫૨/૨૦૨૬ તા.૦૯/૦૬/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા. **૧૨ જુન, ૨૦૨૬ના રોજ "વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ"** ની ઉજવણી નિમિત્તે રાજ્યવ્યાપી જનજાગૃતિ અને સંવેદનશીલતા અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જિલ્લા ટાસ્કફોર્સના અધ્યક્ષશ્રી તથા જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતના અધ્યક્ષ સ્થાને તા.૦૮/૦૬/૨૦૨૬ના રોજ યોજાયેલી બેઠકના અનુસંધાને તા. ૧૨/૦૬/૨૦૨૬ના રોજ ઉજવનાર વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ અંતર્ગત આ વર્ષની થીમ : "Red Card to Child Labour : Fair Play for Children, Decent Work for Adults" આધારે તમામ શાળાઓમાં બાળ મજૂરી નિવારણ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાય તે હેતુસર શાળાની પ્રાથનાસભામાં આ અંગે શપથ લેવડાવવા અને ચિત્રકલા સ્પર્ધા, પોસ્ટર અને બેનર નિર્માણ, નિબંધ સ્પર્ધા વક્તૃત્વ સ્પર્ધા, જાગૃતિ રેલી, શેરી નાટકો, બાળ મજૂરી નિવારણ વિષયક વિશેષ સભા, સેમિનાર તથા અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

આ બાબતે જરૂરી કાર્યક્રમો આયોજિત કરી સદર કાર્યક્રમના ફોટોગ્રાફ્સ તથા અહેવાલ e-mail ID: (1) acom-lab-sur@gujarat.gov.in, (2) dycom-lab-sur@gujarat.gov.in ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમજ સદર બાબતે જરૂર જણાઈ તો નીચે દર્શાવેલ વ્યક્તિનો સંપર્ક કરવાનો રહેશે.

ભુપેશભાઈ પટેલ:- મો.નં. - ૭૫૬૭૯ ૫૨૭૪૭

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

**બિડાણ:** ઉક્ત પરિપત્રની નકલ

નકલ સવિનય રવાના:

- (૧) માનનીય કલેક્ટરશ્રી, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત
- (૨) માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત શહેર, અઠવાલાઈન્સ, સુરત
- (૩) મદદનીશ શ્રમ આયુક્તશ્રી,(ચા.લે), એ/૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

# નાયબ શ્રમ આયુક્તની કચેરી

એ/૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

વેબસાઈટ :- https://col.gujarat.gov.in ટેલીફોન નં.- ૦૨૬૧-૨૪૬૪૫૬૪ ઈ-મેઈલ :- dycom-lab-sur@gujarat.gov.in


ક્રમાંક : ના.શ્ર.આ./સુ/ ૭૧૫૨ /૨૦૨૬ તા.૦૯/૦૬/૨૦૨૬

અગત્યનું/તાત્કાલીક

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
એ–બ્લોક, જીલ્લા સેવા સદન–૨,
ત્રીજો માળ, ડુંમસ રોડ, સુરત


જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
આવક નંબર :-
તારીખ :-
શાખા :-
સહી :-


વિષય:"૧૨મી જુન વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ" નિમિત્તે જુન માસમાં સુરત જિલ્લામાં બાળ મજૂરી નિવારણ માટે જન જાગૃતી કાર્યક્રમોનું આયોજન કરવા બાબત.

સંદર્ભ: ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરના પત્રક્રમાંક: ૧૧૮/ તા.૦૨–૦૬–૨૦૨૬ ના અનુસંધાને.

ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે તા.૧૨/૦૬/૨૦૨૬ના રોજ "વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ" નિમિત્તે રાજ્યવ્યાપી જનજાગૃતી અને સંવેદનશીલતા અભિયાન હાથ ધરવા માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વ્યાપક જનજાગૃતી કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. તે બાબતે જિલ્લા વહીવટી તંત્ર શ્રમ વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, બાળ સુરક્ષા તંત્ર, સ્વેચ્છિક સંસ્થાઓ અને નાગરિક સમાજના સયુંકત પ્રયાસો દ્વારા બાળ મજુરી મુકત ગુજરાતના લક્ષને પ્રાપ્ત કરવા આયોજન કરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

વધુમાં જુન માસ દરમ્યાન જિલ્લામાં રેડ, રેસક્યુ ડ્રાઇવ તેમજ જાગૃતી અંગે સેમિનાર, અવરનેશ કાર્યક્રમ યોજવા જણાવેલ છે. તે બાબતે સુરત જિલ્લા ટાસ્કફોર્સના અધ્યક્ષશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતના અધ્યક્ષ સ્થાને તા.૦૮/૦૬/૨૦૨૬ના રોજ થયેલ મીટીંગના અનુસંધાને ૧૨ મી જુન, ૨૦૨૬ વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસને કેન્દ્રમાં રાખી.....

થીમ "Red Card to Child Labour: Fair Play for Children, Decent Work for Adult"

કેન્દ્રમાં રાખી જુન માસમાં બાળમજુરી અટકાયત માટે સુરત જિલ્લામાં જનજાગૃતી અંગેના કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. તે અન્વયે મીટીંગમાં હાજર રહેલ સુચનો મુજબ સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવેલ અર્ચના સ્કુલની આજુબાજુના રહેણાંક વિસ્તારમાં બાળમજુરીનું વ્યાપક પ્રમાણ જોવા મળેલ છે. તેમજ છેલ્લા

૦૧ મહિનામાં વિવિધ સમાચાર પત્રોના માધ્યમથી અને સોશિયલ મિડીયાના માધ્યમથી પણ સીતાનગર, હરીધામ, મુક્તિધામ તથા વિવેકાનંદ વગેરે સોસાયટીના રહેણાંક વિસ્તારોમાં રાજસ્થાનના તેમજ ગુજરાતી બાળ/તરૂણ શ્રમયોગીઓ ટેક્ષટાઇલ સાથે સંકળાયેલ વ્યવસાયોમાં કામ કરતા જોવા મળેલ છે. જે ઘણું ગંભીર અને ચિંતાનો વિષય બનેલ છે. બાળ મજુરી અટાકયતને આપની સર્વેની સામાજિક જવાબદારી બને છે. જે ધ્યાને લઇ શહેર/જિલ્લામાં આવેલ તમામ શાળાઓમાં બાળ/તરૂણ મજુરી નિવારણ અંગે વિવિધ ડ્રોઇંગ, પોસ્ટરો, બેનર, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, રેલી અને શેરી નાટકો દ્વારા ઉકત થીમના વિષય **"Red Card to Child Labour: Fair Play for Children, Decent Work for Adult"** ઉપર પ્રચાર–પ્રસાર કરાવવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. અને બોમ્બે માર્કેટ રોડ, પુણાગામ, વરાછા વિસ્તાર ખાતે આવેલ અર્ચના સ્કુલમાં જિલ્લા લેવલનો કાર્યક્રમ યોજવા આપ સાહેબશ્રીને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. સદરહું કાર્યક્રમમાં જિલ્લા ટાસ્કફોર્સના સભ્યો દ્વારા સયુંકત પ્રયાસે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવાના પ્રયત્નો રહેશે.

આપના માર્ગદર્શન હેઠળ સંયુકત પ્રયાસો દ્વારા બાળમજુરી મુકત જિલ્લાના લક્ષ્યને વધુ મજબુતી પ્રાપ્ત થશે તેવી આશા વ્યકત કરવામાં આવે છે.

આ બાબતે જરૂરી કાર્યવાહી કરી યોજાયેલ કાર્યક્રમોની વિગતો, ફોટોગ્રાફસ તથા અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

(એચ.એસ.ગામીત)
સભ્ય સચિવ જિલ્લા ટાસ્કફોર્સ અને
મદદનીશ શ્રમ આયુક્ત (ચા.લે),
સુરત.

નકલ સવિનય રવાના:

(૧) માનનીય કલેક્ટરશ્રી, જિલ્લા સેવાસદન–૨, અઠવાલાઇન્સ, સુરત.
(૨) માનનીય પોલીસ કમીશ્નરશ્રી, સુરત શહેર, અઠવાલાઇન્સ, સુરત.
(૩) માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પંચાયત ભવન, પીપલોદ, સુરત.
(૪) અધિક નિવાસી કલેક્ટરશ્રી, જિલ્લા સેવાસદન–૨, સુરત.